# આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ અને રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તાલીમનું આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી સણસોલી, તા.મહેમદાવાદ અનેરાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા ( NICM), ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સહકારી મંડળી તથા બેંક ના અધિકારીઓ માટે પ્રાકૃતિકખેતીવિષયક તાલીમનુ અયોજન કરવામાં આવેલ, જેમાંશ્રી ડી.બી.ગોટી, રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા ( NICM), ગાંધીનગરના સંકલનથી મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠાજિલ્લાના ૩૦ અધિકારીઓએ ભાગ લીધેલ.

આ પ્રસંગે ડૉ. ડી. બી. પ્રજાપતિ , સંશોધન વૈજ્ઞાનિક અને વડા એ કેન્દ્રની રૂપરેખા, પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અને દિવેલા પાક વિશે, ડૉ. એમ. બી. ઝાલા મદદ. સંશોધન વૈજ્ઞાનિકે પ્રાકૃતિક કૃષિમાં પાક સંરક્ષણ અને ડૉ. બી. એન. ઠકકરે, પ્રાકૃતિક કૃષિની જરૂરિયાત તેમજ અગ્નીઅસ્ત્ર અને જીવામૃત બનાવવાની પ્રાયોગિક રીતની માહિતી આપેલ.

અધિકારીશ્રીઓને કેન્દ્ર ખાતે વાવેતર કરેલ ડાંગર અને મગફળીના બીજ ઉત્પાદન માટેના પ્લોટની ક્ષેત્રિય મુલાકાત ડૉ. એમ. બી.ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરાવવામાં આવેલ.




કૃષિ સંશોધન કેન્દ્ર
AGRICULTURAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY, SANSOLI - 387 130
INTEGRATED FARMING SYSTEM

